# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.વુડીએ/પ્લાન-૩/પરવાનગી/ ૨૫ /૨૦૧૩
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :- ૨૨-૦૪-૨૦૧૩

પ્રતિ,
શ્રી કમલેશ મણીલાલ શાહ
મુ.પો.ભાયલી,
તા.જી.વડોદરા

વિષય : **મોજે ભાયલી તા.જી.વડોદરાના** રે.સ.નં.**૨૫૬૬, ૨૫૬૭, ૨૫૬૮,** બ્લોક નં.૧૭૬૯ વાળી જમીનમાં કુલ-૪ હાઇરાઇઝડ ટાવરોમાં કુલ-૨૬૦ રહેણાંકના ફલેટસ, બે કોમર્શીયલ હોલ તથા કલબહાઉસના બાંધકામ માટે રીવાઇઝડ વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- **આપની તા.૨૨-૦૨-૨૦૧૩ ની અરજી.**

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગી અને અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

CHAITALI K. TRIVEDI
MODI SRIVASTAVA
TRUE COPY
& ASSOCIATES
B. Arch

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## રીવાઇઝડ વિકાસ પરવાનગી

શ્રી કમલેશ મણીલાલ શાહ ગામ ભાયલી તા.જી.વડોદરાના રે.સ.નં.૨૫૬૬, ૨૫૬૭, ૨૫૬૮ બ્લોક નં.૧૭૬૯ માં ક્ષેત્રફળ ૧૧૭૩૬.૦૦ ચો.મી. માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફલોર ૫૫૩.૫૫ ચો.મી., પ્રથમ માળથી દશ માળ ૨૦૯૬૬.૨૦ ચો.મી., અગીયારમો માળ ૧૯૮૫.૪૪ ચો.મી. , કલબ હાઉસના બાંધકામ ક્ષેત્રફળ ૨૩૦.૦૦ ચો.મી., મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૨૩૪૩૫.૧૯ ચો.મી. કુલ-૪ હાઇરાઇઝડ ટાવરોમાં કુલ-૨૬૦ રહેણાંકના ફલેટસ તથા ટાવર-બી માં ગ્રાઉન્ડ ફલોર લેવલે બે કોમર્શીયલ હોલ તથા ડી.પી.રોડની ઉત્તરના ખુલ્લા પ્લોટમાં કલબ હાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતો અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧ (૧),૨૯/૧(૨)હેઠળ આથી રીવાઇઝડ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

(૧) સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી) તથા સ્ટ્રકચરલ ડીટેલ ડ્રોઇંગ રજુ કરવાના રહેશે.

(૨) કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિધુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૧૧૭ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

(૪) ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા નું **"ના-વાંધા પ્રમાણપત્ર"** નં.અ.તા.સે.જા.નં.૧૮૪/૧૩-૧૪, તા.૧૫/૦૪/૨૦૧૩ ની શરતોનુ પાલન કરવાનુ રહેશે.

(૫) હાઇરાઈઝ ટાવર બિલ્ડીંગના બાંધકામ **એરપોર્ટ NOC** આવે ત્યાં સુધી ફકત લોરાઇઝ બિલ્ડીંગની ઉંચાઇ મુજબનુ જ બાંધકામ **કરવાનુ રહેશે તથા પ્લીન્થ ચેક સર્ટીફીકેટ વખતે એરપોર્ટ NOC રજુ કરવાનુ રહેશે.**

(૬) એન્વાયરમેન્ટ કલીયરન્સ અંગેનું NOC ન આવે ત્યાં સુધી લોરાઇઝડમાં મળવાપાત્ર મહત્તમ ઉંચાઇ સુધીનું જ બાંધકામ કરવાનું રહેશે. અત્રેની ~~કચેરી~~ કચેરીમાં એન્વાયરમેન્ની NOC રજુ કર્યાબાદ જ લોરાઇઝડની ઉંચાઇની ઉપરની કામગીરી કરવાની રહેશે.

(૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ,તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

(૮) જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.**

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૩/પરવાનગી/ ૨૫ /૨૦૧૩
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તારીખ :-૨૨-૦૪- ૨૦૧૩

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.